GRAND ACADEMIC PORTAL
RESEARCH JOURNALS

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

# રફબુક (Rough Book) - એક મૂલ્યાંકન

## ડૉ.અશોક પરમાર, ડૉ. ચંન્દ્રા પાનેરી

સહ. પ્રાધ્યાપક, હિન્દી શિક્ષણ વિભાગ, શિક્ષણ વિભાગ (IASE), ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ 09

## પ્રસ્તાવના

પ્રસ્તુત પ્રપત્રમાં "રફબુક (Rough Book) " ફિલ્મનું વિષયવસ્તુ વિશ્લેષણ કરી તેને શૈક્ષણિક દૃષ્ટિએ મૂલવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ ફિલ્મ"રફબુક(Rough Book)" માં શિક્ષણ અંગેનું તત્વજ્ઞાન કેવી રીતે રજૂ કરવામાં આવ્યુ છે, તેને પ્રકાશમાં લાવવનો લેખકનો ઉદ્દેશ્ય છે. પ્રપત્ર લેખક એમ પણ જાણવા માંગે છે કે આ ફિલ્મથી શિક્ષણ અંગેની ફિલસૂફી જાણી શકાય છે? ફિલ્મમાં વ્યક્ત થતું શિક્ષણદર્શન અંગેનું શોધકાર્ય "રફબુક (Rough Book)" એક મૂલ્યાંકન શીર્ષક સાથે કેવી રીતે હાથ ધરવામાં આવ્યું છે, તેની સંપૂર્ણ વિગત નીચે પ્રમાણે છે.

## સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધનમાં વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સંશોધનમાં બી.એડ઼., અને એમ.એડ઼ના કુલ 85 તાલીમાર્થીઓનો નમૂના તરીકે ઉપયોગ કરવામાં આવ્યો છે. સંશોધન કાર્ય માટે માહિતી એકત્રીકરણ માટે મુક્તજવાબી પ્રશ્નાવલિનો ઉપકરણ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો છે.

પ્રસ્તુત સંશોધન કાર્ય માટે સૌ પ્રથમ સંશોધકે નમૂનામાં પસંદ કરેલ વિદ્યાર્થીઓને એક ખંડમાં એકત્રીત કરી તેમને જે ફિલ્મ બતાવવાની છે, તે ફિલ્મનું નામ અને આ ફિલ્મ શા માટે બતાવવની છે તેની માહિતી આપી. ફિલ્મ દર્શન પૂર્વે વિદ્યાર્થીઓને એ પણ સૂચના આપવામાં આવી કે આ ફિલ્મ દર્શન કરતા પૂર્વે એ વાતનું પણ ધ્યાન રાખવું કે આ ફિલ્મનું બાદમા તમારે શૈક્ષણિક દૃષ્ટિએ મૂલ્યાંકન પણ કરવાનું છે. ફિલ્મ પૂર્ણ થયે તમારે કેટલાંક પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.

ઉપરોક્ત સૂચના બાદ 85 વિદ્યાર્થીઓને 1 કલાક 39 મિનિટ અને 21 સેકન્ડની "રફબુક (Rough Book)" ફિલ્મ બતાવી. ફિલ્મ બતાવ્યા બાદ સંશોધક દ્વારા નિર્મિત સ્વરચિત મુક્ત જવાબી પ્રશ્નાવલિ આપવામાં આવી. સંશોધક દ્વારા આપવામાં આવેલી મુક્તજવાબી સ્વનિર્મિત પ્રશ્નાવલિમાં જે પ્રશ્નો આપવામાં આવ્યા હતા તે પ્રશ્નોના સંદર્ભમાં વિદ્યાર્થીઓએ જે જવાબ આપ્યા હતા તેને સંશોધક દ્વારા ક્લબ કરી તારણ તરીકે સંશોધન પત્રમાં રજૂ કરેલ છે.

**ફિલ્મનું નામ : રફબુક (Rough Book)**

**અભિનેતાઓના નામ : (1) તનિષ્કા ચેટર્જી (2) જયંતિ ભાટિયા (3) અમાન ખાન (4) જોયસેન ગુપ્તા (5) વિનય જૈન (6) દિપિકા અમીન**

**ફિલ્મનું કથાવસ્તુ :**

રફબુક અનંત મહાદેવન દ્વારા નિર્દેશિત ફિલ્મ છે. રફબુક સમકાલીન ભારતમાં શિક્ષણ પ્રણાલી પર સખત પ્રહાર કરતી ફિલ્મ છે. આપણી શિક્ષણ પ્રણાલી વિશ્વની શ્રેષ્ઠ પ્રણાલિયોમાંની એક પ્રણાલી હોવા છતાં સિસ્ટમમા રહેલી ખામીઓએ એવા મુદ્દાઓ સર્જ્યા છે, જે સમકાલીન ભારતમાં શિક્ષણ શ્રૃંખલાઓને અવરોધે છે. કહાની વિદ્યાર્થીઓમા તેમના ગ્રેડના આધારે વિભાજનની આસપાસ ફરે છે. એક શિક્ષક અને તેના વિદ્યાર્થીઓ સિસ્ટમ સામે કેવી રીતે બળવો કરે છે તેના દર્શન થાય છે. આ ફિલ્મ માતા-પિતા, શિક્ષકો અને વિદ્યાર્થીઓના વાસ્તવિક અનુભવો પર આધારિત છે.

સંતોષી ફિલ્મની મુખ્ય પાત્ર છે. આ સ્ટોરી શિક્ષક સંતોષીકુમારી (તનિષ્કા ચેટર્જી દ્વારા કહેવામાં આવે છે, જે ભ્રષ્ટ આવકવેરા અધિકારી સાથે છૂટાછેડા કરી લે છે. સંતોષીકુમારી ભૌતિકશાસ્ત્રના શિક્ષક તરીકેની નોકરી કરે છે. જે આસપાસના વાતાવરણમાંથી જ ભૌતિકશાસ્ત્ર ભણાવે છે. જેમ કે ફુટબોલની રમત, રસોઈ દ્વારા, ડાન્સ દ્વારા, ઉદાહરણો પ્રત્યક્ષ બતાવીને

https://www.gapbhasha.org/

શિક્ષણ આપે છે. એક શિક્ષકના જીવનમાં પણ મુશ્કેલીઓ આવતી હોય છે પણ એ બધી મુશ્કેલીઓમાંથી શીખીને આગળ વધી ને સાહસથી જીવન જીવે એજ સાચો શિક્ષક છે તે અંગેની જાણકારી મળે છે.

સંતોષી પહેલી મૂળભૂત વિષયોની સમજૂતી આપે છે તે બેઝીક અને પ્રેક્ટીસને વધુ પ્રાધાન્ય આપે છે. સંતોષી જ્યારે સૌ પ્રથમ એના વર્ગખંડમાં જાય છે ત્યારે તેને વિદ્યાર્થીઓના પ્રતિકારનો સામનો કરવો પડે છે. તેમના વિદ્યાર્થીઓ સીસ્ટમથી ભ્રમીત છે. કૉલેજના પ્રિન્સિપાલ તેનાં ચાલુ અભ્યાસક્રમ સાથે ટ્યુશન ક્લાસ ચાલુ કરવાનો આગ્રહ કરે છે. તે એક સ્કૂલમાં ભણાવવા જાય છે. ત્યાના પ્રિંસિપલ સહાની તેમને શિક્ષણમાં કમ રૂચિ રાખનાર વિદ્યાર્થીઓના વર્ગને સૌપે છે. તેના વિદ્યાર્થીયોં 12-D વિભાગના છે. 12-D વિભાગના વિદ્યાર્થીયોને વ્યંગાત્મક રીતે ડફર્સ તરીકે ઓળખવામાં આવે છે. સંતોષી કેવી રીતે તેના વિદ્યાર્થીઓ માટે લડવા માટે સિસ્ટમ સામે ઝૂઝમે છે. તેમના વિદ્યાર્થીઓને તે વધારે ને વધારે અનુભવો દ્વારા શીખવાડે છે. પ્રયોગ દ્વારા કરેલુ શિક્ષણ લાંબા સમય સુધી યાદ રહે છે. તેઓ પરીક્ષામાં પાસ થઈ જાય છે અને જે બાળકો ક્લાસમાં 40-45 ટકા લાવતા હતા તે બાળકો બોર્ડની પરીક્ષામાં 62-65 ટકા લાવે છે. તે બાળકો JEE માં પણ સારા નંબરે પાસ થઈ જાય છે. ફિલ્મમા એક શિક્ષકની શું ભૂમિકા હોય ? અને શિક્ષકે વિદ્યાર્થીલક્ષી કેવી બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ ? તે સરસ રીતે રજૂ કરવામાં આવી છે. બાળકોને અભ્યાસને લગતુ જો સારું શિક્ષણ અને માર્ગદર્શન આપવામાં આવે તો બાળકોને અભ્યાસમાં રસ દાખવી અને સારી રીતે અભ્યાસ કરાવી શકાય છે. તે અંગેની પૃષ્ઠભૂમિ રજૂ કરવામાં આવી છે.

એક શિક્ષક તરીકે જો ખોટું થતુ હોય તો અવાજ ઉઠાવવો (સવાલ કરવા) અને વિદ્યાર્થીઓને સાચુ જ્ઞાન મળે તેવા પ્રયત્નો કરવા. વિદ્યાર્થીઓને ગુસ્સે થઈને કે સજા આપી શીખવવુ જોઈએ નહિ પણ વિદ્યાર્થીઓને શાંતિપૂર્વક તેમની ભૂલનો અહેસાસ થાય તેવી રીતે શિક્ષણ આપવું જોઈએ તેમ બતાવવામાં આવ્યુ છે. વર્ગખંડ શિક્ષણમાં શું ભણાવવું અને કેવી રીતે ભણાવવું જેથી વિદ્યાર્થીઓ મેળવેલા શિક્ષણનો તેમનાં જીવનમાં ઉપયોગ કરી શકે તે વિશેનો ખ્યાલ મળે છે. આમ પ્રસ્તુત ફિલ્મ રફબુકમાં શિક્ષણમાં જોવા મળતી નાની-નાની બાબતોને ચોટદાર રીતે રજૂ કરવામાં આવી છે.

**કથાવસ્તુમાં રજૂ થયેલ શિક્ષણ અંગેના વિચાર**

પ્રસ્તુત કહાનીમાં સંતોષી દ્વારા જે શિક્ષણ આપવામાં આવ્યુ છે તે ગોખણિયા શિક્ષણ કરતાં (પુસ્તકીયા જ્ઞાન) અનુભવનું શિક્ષણ પર વધુ ભાર આપવામાં આવ્યો છે. શિક્ષકે નોકરી કરવા ખાતર નહી પણ ભણાવવાને એક શોખ તરીકે વિકસાવવો જોઇએ. બાળકોને વિષયવસ્તુનું Basic પાંકુ કરાવી અને તેમનું પુનરાવર્તન કરાવવું જોઇએ. બાળક જે વિષયમાં નબળા હોય તે વિષય બીજા વિદ્યાર્થી પાસે શીખે તેવું હવમાન ઉભુ કરાવવું જોઇએ. શિક્ષક વિદ્યાર્થીઓ સાથે આત્મીય રીતે જોડાય રહે તે રીતે ભણાવવું જોઈએ. જેથી વિદ્યાર્થીઓ અને શિક્ષક વચ્ચેના સંબંધો સારા રહે. શિક્ષકે પ્રયોગ અને અનુભવ દ્વારા શીખવાનું છે. એક શિક્ષકે વિદ્યાર્થીઓ સાથે મિત્રની જેમ વ્યવહાર કરવો જોઇએ. શિક્ષકે બાળકોને એમની માનસિક સ્થિતિ જોઈને શિક્ષણ આપવું જોઈએ જેથી બાળકને વિષયવસ્તુમા રસ પડે અને એ શીખે પણ વિદ્યાર્થીઓને ટકા કે માર્ક્સ મહત્ત્વના નથી એમ સમજાવી શું શિખ્યા ? એનું મહત્ત્વ છે તેમ સમજાવવું જોઈએ. બાળકો ચિંતનશીલ બને એવા પ્રશ્નો પુછવા જોઇએ. બાળકોને મનોરંજન સાથે શિક્ષણ આપવું. બાળકોને પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ આપવું. બાળકોના આત્મવિશ્વાસમાં વધારો કરવો. બાળકોના વિચારોમાં બદલાવ લાવવો. બાળકોને મૂળ પાયાનું શિક્ષણ આપવું જોઈએ. નબળા ગ્રેડ ધરાવતા વિદ્યાર્થીઓમાં પણ બૌદ્ધિક ક્ષમતા રહેલી હોય છે. શિક્ષણ વિદ્યાર્થીઓને બુનિયાદી અને પ્રયોગશીલ બનાવે છે. વિદ્યાર્થીઓને તેમની જીવન પ્રણાલી સાથે જોડીને શિક્ષણ આપવું જોઈએ. વિદ્યાર્થીઓને સમજણ પડે તેવી રીતે શિક્ષણ આપવું. વિદ્યાર્થીઓને પહેલા મૂળભૂત બાબતો શીખવવી જોઈએ ત્યારબાદ મેઇન ટોપિક પર જવું જોઈએ. એ બાબત “રફબુક” ફિલ્મમાં દર્શાવવમાં આવી છે.

વિદ્યાર્થીઓને જો વિષય ન સમજાય તો ડર અને સંકોચ વગર શિક્ષકને પૂછી લેવુ જોઈએ તે પ્રકારના હવામાન નિર્માણની જરૂરિયાત છે. ગમે તેવી પરિસ્થિતિ આવે શિક્ષણ કાર્ય ચાલુ રાખવુ જોઈએ. વિદ્યાર્થીઓની ગ્રહણ કરવાની ક્ષમતા ઓળખવી અને તેના આધારે ભણાવવું જોઈએ. વિદ્યાર્થીઓને ભણવા માટે પ્રોત્સાહન આપવું. શિક્ષકે પૂર્વ તૈયારી સાથે વર્ગમાં પ્રવેશવું જોઈએ નહીં કે પૂર્વતૈયારી વિના. બાળકોના પૂર્વજ્ઞાનના આધારે નવું જ્ઞાન ઉમેરવું જોઈએ. બાળકોને વિષયવસ્તુ એક વાર્તાની જેમ ભણાવવું જોઈએ નહી પરંતુ તેને પ્રેક્ટીકલ કરી તે ઊંડાણપૂર્વક સમજાવવું જોઈએ. બાળકો જે વિષયમાં નબળા હોય એ વિષય પર વધારે ધ્યાન આપી એ વિષય વધારે ભણાવવો જોઈએ. વિદ્યાર્થીઓને ભેદભાવ વગર શીખવવું જોઈએ. શિક્ષણ પ્રણાલીમાં ડિગ્રી કે પ્રમાણપત્ર એ વધુ માન્ય નથી તેમાંથી કેટલું શીખવા મળ્યું છે તે મહત્ત્વનું છે. ધોરણ ૧૦ અને ૧૨ સાથે IIT (JEE)ની પ્રિપ્રેશન માટેની સ્પર્ધામાં શિક્ષકોએ વિદ્યાર્થીઓને મદદરૂપ બનવું જોઇએ અને સારું માર્ગદર્શન આપવું જોઇએ. શિક્ષક

https://www.gapbhasha.org/

વિદ્યાર્થીઓને પાયાની કેળવણી આપે છે. જેના દ્વારા વિદ્યાર્થીઓ સરળતાથી સમજી શકે. દરેક વિદ્યાર્થી અને શિક્ષકોએ આ ફિલ્મ જોવી જોઈએ. નઈ તાલીમના શિક્ષક તરીકે આ ફિલ્મ ખૂબ ઉપયોગી બને છે. અભ્યાસક્રમના આધારે માત્ર જ્ઞાન ન આપવું તેવું આ ફિલ્મ દ્વારા શીખવા મળે છે. C અને D ગ્રેડ ધરાવતા વિદ્યાર્થીઓને નબળા બતાવવામાં આવે છે. નબળા વિદ્યાર્થીઓમાં પણ ઉચ્ચ બૌદ્ધિક ક્ષમતા રહેલી હોય છે તેના પર પ્રકાશ પાડવામાં આવે તો તે ઉચ્ચ સિદ્ધિ મેળવી શકે છે. વર્ગખંડમાં સૌપ્રથમ વિદ્યાર્થીઓની મન: સ્થિતિ જાણવી જોઈએ. શિક્ષકે સર્વ વિદ્યાર્થીઓ પ્રત્યે પ્રેમની તથા સમાનતાની ભાવના કેળવવી જોઈએ. વર્ગખંડ઼માં જે વિદ્યાર્થીઓને વિષયનુ સારુ જ્ઞાન છે તે વિદ્યાર્થીઓ ઓછુ જ્ઞાન ધરાવતાં વિદ્યાર્થીની મદદ કરે તેમ ગોઠવવું જોઈએ. આમ કરવાથી બંને વિદ્યાર્થીઆનો વિકાસ થઈ શકે. વિદ્યાર્થીઓને શિક્ષણમાં પડતી સમસ્યાઓ તથા શિક્ષકને શાળામાં પડતી અનેક મૂંઝવણોનું વર્ણન કરવામાં આવ્યું છે. શિક્ષણ વ્યવસ્થામાં રહેલી ક્ષતિઓની આ ફિલ્મમાં રજૂઆત કરવામાં આવેલી છે. હાલના સમયમાં ભારતમાં શિક્ષણને જે પરિબળો અવરોધે છે, જે આ ફિલ્મમાં જોવા મળે છે. ફિલ્મમાં માતા-પિતા, શિક્ષકો અને વિદ્યાર્થીઓના વાસ્તવિક અનુભવો પર આધારિત તારણો તારવામાં આવેલ છે. શિક્ષક અને વિદ્યાર્થી સિસ્ટમનો સામનો કરે છે. આપણા સમાજમાં સારા શિક્ષકોની તથા વિદ્યાર્થીઓની જરૂર છે. આ ફિલ્મમા શિક્ષણની વાસ્તવિકતા બતાવવામાં આવી છે. બધા પ્રકારના વિદ્યાર્થીઓને એક સમાન ગણી અને યોગ્ય રીતે કાર્ય કરવામાં આવે તો તેઓ પણ વિશિષ્ટ કાર્ય અને સિદ્ધી મેળવી શકે છે. શિક્ષણમાં રહેલી સમસ્યાઓ શિક્ષણનાં વિકાસની તકોને અવરોધતાં પરિબળ બાળકોની શિક્ષણ પ્રત્યેની માનસિકતા. જાતિગત સમસ્યા. વગેરેનું વર્ણન પ્રસ્તુત ફિલ્મ દ્વારા જોવા મળે છે.

**શૈક્ષણિક ફલિતાર્થ**

આ ફિલ્મ સંપૂર્ણ રીતે વિચાર પ્રેરક બનાવી છે. એક શિક્ષક તેના વિદ્યાર્થીઓ માટે સિસ્ટમ સામે કેવી રીતે ઝઝૂમે છે. તે વાતની રજૂઆત કરવામાં આવી છે. જો બાળકોને અભ્યાસ માટે સારું માર્ગદર્શન મળી જાય તો બાળકો અભ્યાસના ક્ષેત્રે ધારેલું પરિણામ અને સ્થાન પ્રાપ્ત કરી શકે. ટેક્નોલૉજી દ્વારા શિક્ષણ (ગુગલનો ઉપયોગ). બુક વાચવાની સુટેવ, શિખવા માટેના પ્રયત્નો. વર્ગખંડમાં એક બીજાને શીખવવું. ટેલેન્ટને બાહર કાઢ઼વું અને ડરને દૂર કરવો, ભૂલોથી શીખવું. વિષયને યોગ્ય રીતે શીખવો, સફળતા પછી શિક્ષકને ભૂલવા નહિ. તેમજ જીવનમાં શું ઉપયોગી છે તે પણ વિચારવું જોઈએ. સ્કૂલ એને કૉલેજ માત્ર ભણવા માટે ના હોય પણ પોતાની પર્સનાલિટી ડેવલોપ કરવા માટે હોય છે તે અંગે પણ આપણે જાગૃત રહેવું જોઈએ. બાળકોને કઈ રીતે રસપ્રદ શિક્ષણ આપવું જોઈએ. બધાજ વિદ્યાર્થીઓને એક સમાન ગણી બધાજ વિદ્યાર્થીઓ તરફ ધ્યાન આપવું જોઈએ, એક શિક્ષક તરીકેની ભૂમિકા કેવી હોવી જોઈએ તેની ઊંડાણપૂર્વક જાણકારી અને શિક્ષકે પોતાની જાત ને કેવી રીતે તૈયાર કરવી તેની પ્રેરણા આપવામાં આવી છે. વિદ્યાર્થીઓ નબળા હોય કે હોશિયાર તે જીવનમાં આગળ વધી શકે છે. તે બાબત શિક્ષકે ધ્યાનમાં રાખવી જોઈએ.

વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ ઉપરાંતનું જ્ઞાન પણ આપવું જોઈએ. બાળકોને ભણાવતી વખતે વિષયવસ્તુનું મૂળ જ્ઞાન પાકું કરાવી અને તેનું પુનરાવર્તન કરાવવું જોઈએ. એક શિક્ષકે પોતે અને પોતાના વિદ્યાર્થીઓને હિંમત હાર્યા વગર કોઈ પણ મુશ્કેલની સામે કેવી રીતે સફળતામાં ફેરવવું તેનું દૃષ્ટાત પુરું પાડે છે. Class D ના વિદ્યાર્થીઓ ધારે તે કરી શકે છે. આદર્શ શિક્ષક હંમેશા પુસ્તક નહિ પણ વિવિધ પ્રયોગો અને જીવનના અનુભવો દ્વારા શિક્ષણ આપે છે. જે હંમેશા શિક્ષણ પદ્ધતિમાં સાર્થક નિવડે છે. ઇંટરનેટમાંથી માત્ર માહિતી મળે છે. માહિતીનો ઉપયોગ કેવી રીતે કરવો તે નહીં, તેથી જ્ઞાન ઉપયોગ કરવાનું કૌશલ્ય હંમેશા શાળા, વર્ગખંડ, શિક્ષક તેમજ પોતાના કે સમાજના પરિસરમાંથી મળે છે. તે બાબતનું ધ્યાન રાખવું જોઈએ. વર્તમાન સમાજની હકીકત અને NEPમાં સરળતાથી સંતોષી દ્વારા ભૌતિક વિજ્ઞાનના વિષયને કંઈ રીતે સરળ બનાવીને શિક્ષણ આપવું તે દર્શાવાયું છે. આ ફિલ્મ જીવનના તમામ પ્રશ્નોના જવાબ આપવામાં ગૂગલની અસમર્થતાને પણ પડકારે છે. સખત મહેનત કરવાની પ્રેરણા પૂરી પાડે છે. કોઈ પણ કાર્ય મન લગાવી કરવાથી સફળતા મળે છે. એક શિક્ષકની પોતાના વિદ્યાર્થીઓ પ્રત્યેની નિષ્ઠા જોવા મળે છે. વિદ્યાર્થીઓ પોતાની રીતે શીખે આ ભાવના ખૂબ જ પ્રેરણાદાયી છે. વિદ્યાર્થીઓને પોતાના વિષય આધારિત મુશ્કેલી રજૂ કરવાની તક આપવી જોઈએ. શિક્ષક માટે વિદ્યાર્થી જ સૌથી વધારે મહત્વ ધરાવતો હોવો જોઈએ. શિક્ષણ કાર્યમાં રસ ન ધરાવતા વિદ્યાર્થીઓને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષણમાં જોડવા જોઈએ. શિક્ષકે પોતે ન ભણતા વિદ્યાર્થીઓને પણ ભણાવવાનો મૌકો આપવો જોઈએ. વિવિધ ઉદાહરણ દ્વારા સમજાવવું જોઈએ જેથી તેમને વિષયવસ્તુ સરળતાથી યાદ રહી શકે. માત્ર પુસ્તકનું જ્ઞાન ન આપતા બહારનું જ્ઞાન પણ આપવું જોઈએ. પુસ્તકના જ્ઞાનને Real life માં કેવી રીતે Application માં લાવવું તે શિક્ષક તરીકે શીખવાનુ છે. ફિલ્મમા આખા શિક્ષણ જગતને અપ્રત્યક્ષ રીતે ઉતારવામાં આવેલું છે. વિદ્યાર્થીઓને અને શિક્ષકને જીવનમાં આવતી સમસ્યાઓ સમજવા જેવી છે. વિદ્યાર્થીઓના રસના વિષયને કેવી રીતે આગળ લઈ જઈ શકાય છે તે

https://www.gapbhasha.org/

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

બાબતની સ્પષ્ટતા કરવામાં આવી છે. વિદ્યાર્થીઓને અનેક ઉદાહરણો, પ્રશ્નોત્તરી કરી તેમજ અનેક પ્રવૃત્તિઓ કરાવી તેમને શિક્ષણ માટે વધુ પ્રોત્સાહિત કરી શકાય છે. બધા વિદ્યાર્થીઓને સમાન ગણી શિક્ષણ આપવું જોઈએ. વિદ્યાર્થીઓને જીવન જરૂરી જ્ઞાન પણ આપવું જોઈએ. વિદ્યાર્થીઓને પણ ભણાવવાનો મૌકો આપવો જોઈએ. વિદ્યાર્થીઓને તાર્કિક વિચારણા કરવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ. સંઘર્ષ દ્વારા સફળતા મળે છે તે અંગે વિદ્યાર્થીઓને જાણકારી આપવી જોઈએ. વિદ્યાર્થીઓને બુનિયાદી વિષયવસ્તુ કે પરિભાષા સ્પષ્ટ કરાવવી જોઈએ જેથી તેઓ મુદ્દાઓ જલદી સમજી શકે. પુસ્તકોનુ વાંચન જીવનમાં ખુબ ઉપયોગી નિવડે છે તે અંગે વિદ્યાર્થીઓને સભાન કરાવવા જોઈએ. પુસ્તક સારા મિત્રો બની શકે છે. કોઈ પણ પુસ્તક નકામું નથી તેમાં કોઈ ને કોઈ વિશેષતા રહેલી હોય છે તે અંગે શિક્ષકોને જાગૃત કરવા જોઈએ. શિક્ષકે વિદ્યાર્થીને સમજાવવા માટે તમામ પ્રયાસો કરવા જોઈએ જેથી વિદ્યાર્થી સરળ અને સારી રીતે સમજી શકે.

**વિશેષ નોંધ –**

આ ફિલ્મ દ્વારા આપણને શિક્ષણ સંબંધિત હકારાત્મક અને નકારાત્મક પાસાઓના દર્શન થાય છે. આવી ફિલ્મો બતાવવી જોઈએ જેથી શિક્ષક અને વિદ્યાર્થીના અભ્યાસમાં મદદરૂપ થાય. વર્તમાન સાથે ફિલ્મ સંકળાયેલી હોવાથી દરેક શિક્ષકે ફિલ્મ જોવી જોઈએ. આ માત્ર ફિલ્મ નથી પણ આપણી શિક્ષણ પ્રણાલીની વાસ્તવિકતા છે. માર્કસ કરતાં ગુણવત્તાયુક્ત શિક્ષણ જરૂરી છે. આ ફિલ્મ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને તેમની નિષ્ઠા અને કાર્યદક્ષતાના દર્શન કરાવે છે. તેમની જવાબદારી માત્ર ભણાવવા ખાતર જ ભણાવવું ત્યાં સુધી મર્યાદિત નથી અને અભ્યાસક્રમ પૂરતું ભણાવવું જરૂરી નથી. ફિલ્મમાં વિદ્યાર્થીઓ પ્રોત્સાહિત થાય છે અને જીવનમાં આગળ વધે તે અંગે પણ રજૂઆત કરવામાં આવી છે. શિક્ષણ પદ્ધતિ તેમજ વર્તમાન ભારતના વિદ્યાર્થીઓની વ્યથા આ ફિલ્મમાં દર્શાવવામાં આવી છે. ફિલ્મ શિક્ષકો માટે એક પ્રેરણા છે. ફિલ્મ શિક્ષણ ક્ષેત્રમાં ભ્રષ્ટાચારને ઉજાગર કરે છે. બધા વિદ્યાર્થીઓને એક સમાન ગણી ધ્યાન આપવું જોઈએ. વિદ્યાર્થીઓમા રહેલી શક્તિઓને બાહર લાવવી જોઈએ. બાળકોને કઈ રીતે શિક્ષણ આપવું તેમની સાથે કઇ રીતે વર્તન કરવું તેની જાણકારી મળે છે. વર્તમાન સમયની સિસ્ટમ સામે સંતોષી જેવા શિક્ષકોની જરૂર છે તે બાબતનો અપ્રત્યક્ષ ખ્યાલ આવે છે. સાથે-સાથે ભવિષ્યમાં શિક્ષણમાં અનુસરવા જેવી બાબતોનું વર્ણન કરેલ છે.

## સમાપન

આમ પ્રસ્તુત પ્રપત્રમાં સંશોધક દ્વારા વિદ્યાર્થીઓને "રફબુક" ફિલ્મ બતાવી વિદ્યાર્થીઓને સ્વરચિત પ્રશ્નાવલિ આપી અને આ પ્રશ્નોના પ્રાપ્ત ઉત્તર દ્વારા તેના વિષયવસ્તુનું વિશ્લેષણ કરાવવામાં અવ્યું છે. વિષયવસ્તુ વિશ્લેષણ દ્વારા "રફબુક" ફિલ્મમાં વ્યક્ત થતું શિક્ષણ દર્શન રજૂ કરવામાં આવ્યું છે. સંશોધક આ ફિલ્મના વિશ્લેષણ દ્વારા એ પણ ઉજાગર કરવા માંગે છે કે આ પ્રકારની ફિલ્મો જે સામાન્ય જનતા સુધી પહોંચતી નથી અને તેને કારણે આવી ઉચ્ચ સ્તરની શૈક્ષણિક ફિલ્મોની અસરકારતા જોવા મળતી નથી અને તે કારણે તેનો સમાજ પર અપેક્ષિત પ્રભાવ પડતો નથી. તેવી પરિકલ્પના સાથે સંશોધકે આ ફિલ્મનું મૂલ્યાંકન કરી શિક્ષણ જગતના વાચકો સમક્ષ મુકેલ છે. જેથી અન્ય પ્રકારની કથાઓ પર આધારિત ફિલ્મોની સાથે નાગરિક આ પ્રકારની ફિલ્મોને પણ નિહાળે.

## સંદર્ભગ્રંથ

[1] Bhatt. K. C. (2009). Educational Vision of Tare Jami Par. (Unpublished M.Phil.
[2] Chaudhari. D. (2007). Social Attitude Change by the Black Film. (Unpublished
[3] M.Ed. Dissertation) Gujarat University.Ahmedabad. (Dissertation). North Gujarat University. Patan.
[4] Dangar. K. (2013). The Educational Vision Being Implicated in the Movie F.A.L.T.U (Unpublished M.Ed. Dissertation) Gujarat Vidyapith. Ahmedabad.
[5] Fafal. L. V. (2016). The Role of Education to Fulfill Human Expectations. S. D. Shethia College of Education, Mundra – kachchh.
[6] Gohil. M. A. (2009). A Social and Educational Critical Study of Wednesday Film. (Unpublished M.Ed. Dissertation). North Gujarat University. Patan.
[7] http://hi.vikaspedia.in/education/education-best-practices/93693f91594d93793e-915947-90992694793694d92f94b902
[8] https://www.youtube.com/results?search_query=rough+book+movie

https://www.gapbhasha.org/

[9] Kamani. J. (2005). Dyslexia. Rajkot: Pravin Prakashan Pvt. Ltd.
[10] Padiwal. I. R. (2005). Black Film- A Study. (Unpublished M.Ed. Dissertation) Gujarat University. Ahmedabad.
[11] Patel. V. L. (2011). An Educational Philosophy of Three Idiots Film. (Unpublished M.Ed.Dissertation) Gujarat Vidyapith. Ahmedabad.
[12] Rajput, K. B. (2009). Educational Philosophy By the Tare Jami Par Film. (Unpublished M.Ed.Dissertation). North Gujarat University. Patan.
[13] Vyas. D. U. (2009). Educational output of Black Film. (Unpublished M.Ed.Dissertation). North Gujarat University. Patan.
[14] परमार. अ. (2016). शिक्षा के उद्देश्य प्राप्ति की प्रक्रिया में चलचित्रों का योगदन्, The Role of Education to Fulfill Human Expectations. S. D. Shethia College of Education, Mundra – kachchh.(pp-206-216)
[15] पाठक. पी. डी. (2013). उदीयमान भारतीय समाज में शिक्षा के आधार एवं विकास.आगराः विनोद पुस्तक मंदिर. पृ.14
[16] प्रसाद. का. (2005). बृहद हिन्दी कोश. वाराणसीः ज्ञानमंडल प्रकाशन.
[17] पंचाल. एम. (1993). अध्ययन-अध्यापन प्रक्रिया. अहमदाबादः नवभारत साहित्य मंडल. पृ.8

https://www.gapbhasha.org/